eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 156
August 15, 2008

## સ્મીમેર હોસ્પિટલની જુલાઈ માસની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં જુલાઈ માસ દરમ્યાન ૧૨૬૮૯ ઈન્ડોર તથા ૪૨૬૯૧ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૮૬૩ તથા ૫૬૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૬૧૧૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૪  ૩૩ અને જુના ૩૪૭ દર્દીઓ સહીત કુલ–૭૮૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (લિંબાયત) ની કામગીરી

માનનીય કમિશનરશ્રીના આદેશથી સાઉથ ઝોન(લિંબાયત)ના વિસ્તારોમાં લીટરીંગ સમસ્યાના નિરાકરણ માટે વાહનો ધ્વારા તથા રાહદારીઓ ધ્વારા  જાહેરમાં આવતા ૬૦ ઈસમોને ઝડપી પાડી તેઓ પાસેથી દંડ પેટે રૂા. ૪૧૫૦/– વસુલ કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) માં નવા સમાવિષ્ટ સરથાણા વિસ્તારમાં ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૧ (સરથાણા–વાલક)માં જુદા જુદા હેતુ માટે રીઝર્વેશન પ્લોટોમાં કરવામાં આવેલ ઝુપડા તથા બાંધકામ દૂર કરવાના ભાગરૂપે  ફા. પ્લોટ  નં. ૯૫/૩ જે સેલ ફોર કોર્મશીયલના હેતુ  માટે રીઝર્વેશન હેઠળ છે તેમાં આશરે ૩૦ × ૧૫ ના માપ વિસ્તારમાં કરવામાં આવેલ ચણતરની પતરાવાળી રૂમ તથા ૧૨ ઝુંપડાનું દબાણ દુર કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા દેશ ભકિત ગીત સ્પર્ધા



ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા દેશભકિતગીત સ્પર્ધા તા.૧૨.૦૮.૨૦૦૮ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), સુરત ખાતે યોજવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરત મહાનગરપાલિકા ધ્વારા આરોગ્ય નિદાન કેમ્પ

ચોમાસા  દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય,  જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ /  સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાની પાણીના નીકાલ અંગે વિવિધ ઝોનની કામગીરી

શહેરમાંથી પસાર થતી ખાડીના ઉપરવાસ પૈકીના બારડોલી–પલસાણામાં વધુ વરસાદના કારણે કાકરાખાડી તથા મીઠી ખાડીના લેવલમાં વધારો થતા લિંબાયત તથા ઉધના ઝોનના તંત્રને એલર્ટ કરી દેવામાં આવેલ.  લિંબાયત ખાતે ખાડીનું ભયજનક લેવલ ૭.૫૦ મીટર છે.  જયારે ખાડીનું લેવલ ૭.૨૦ મીટર સવારે ૧૦ કલાકે થયેલ હતું અને કમરૂનગર ઝુંપડપટ્ટીમાં ખાડી કિનારાની એક ગલીમાં પાણીની અસર ચાલુ થતા તંત્ર ત્યાં પહોંચી ગયું હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્મીમેર હોસ્પિટલની જુલાઈ માસની કામગીરી

સ્મીમેર હોસ્પિટલમાં જુલાઈ માસ દરમ્યાન ૧૨૬૮૯ ઈન્ડોર તથા ૪૨૬૯૧ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૧૮૬૩ તથા ૫૬૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૬૧૧૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી. બી. ના નવા ૪ ૩૩ અને જુના ૩૪૭ દર્દીઓ સહીત કુલ–૭૮૦ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૨૦૪૬ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૦૨૪ તથા આંખ વિભાગમાં ૨૭૦૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ–૧૧૮૮૪ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સાઉથ ઝોન (લિંબાયત) ની કામગીરી

માનનીય કમિશનરશ્રીના આદેશથી સાઉથ ઝોન(લિંબાયત)ના વિસ્તારોમાં લીટરીંગ સમસ્યાના નિરાકરણ માટે વાહનો ધ્વારા તથા રાહદારીઓ ધ્વારા જાહેરમાં આવતા ૬૦ ઈસમોને ઝડપી પાડી તેઓ પાસેથી દંડ પેટે રૂા. ૪૧૫૦/– વસુલ કરવામાં આવેલ છે. જેઓના વાહન નંબર નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| 1 | જીજે–૫ | – ઝેડઝેડ – | 7014 |
| 2 | જીજે–૫ | – ઝેડઝેડ – | 4004 |
| 3 | જીજે–૫ | – યુયુ – | 6208 |
| 4 | જીજે–૫ | – યુયુ – | 9522 |
| 5 | જીજે–૫ | – એકસએકસ – | 263 |
| 6 | જીજે–૫ | – એકસએકસ – | 5556 |
| 7 | જીજે–૫ | – એકસએકસ – | 3930 |
| 8 | જીજે–૫ | – ઝેડઝેડ – | 8847 |
| 9 | જીજે–૫ | – વાયવાય – | 8879 |
| 10 | જીજે–૫ | – એકસએકસ – | 7123 |
| 11 | જીજે–૫ | – ઝેડઝેડ – | 8889 |
| 12 | જીજે–૫ | – ઝેડઝેડ – | 4034 |
| 13 | જીજે–૫ | – વીવી – | 5080 |
| 14 | જીજે–૫ | – એવાય – | 3698 |
| 15 | જીજે–૫ | – ઝેડઝેડ – | 1552 |
| 16 | જીજે–૫ | – એકસએકસ – | 9031 |
| 17 | જીજે–૫ | – ટીટી – | 5092 |
| 18 | જીજે–૫ | – ઝેડઝેડ – | 692 |
| 19 | જીજે–૧૫ | – ઈ – | 1945 |
| 20 | જીજે–૫ | – ડી ઈ – | 5004 |
| 21 | જીજે–૫ | – એએ – | 1530 |

TOP

## પૂર્વ ઝોન (વરાછા)ની કામગીરી

(૧) સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) માં નવા સમાવિષ્ટ સરથાણા વિસ્તારમાં ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૧ (સરથાણા–વાલક)માં જુદા જુદા હેતુ માટે રીઝર્વેશન પ્લોટોમાં કરવામાં આવેલ ઝુપડા તથા બાંધકામ દૂર કરવાના ભાગરૂપે ફા. પ્લોટ નં. ૯૫/૩ જે સેલ ફોર કોર્મશીયલના હેતુ માટે રીઝર્વેશન હેઠળ છે તેમાં આશરે ૩૦ × ૧૫ ના માપ વિસ્તારમાં કરવામાં આવેલ ચણતરની પતરાવાળી રૂમ તથા ૧૨ ઝુંપડાનું દબાણ દુર કરવામાં આવેલ.

વધુમાં ફા. પ્લોટ નં. ૯૬ જે ઈ. ડબ્લ્યુ. એસ.ના રીઝર્વેશન હેઠળ છે તેમાં ૫– ઝુંપડાનું દબાણ તથા ફા. પ્લોટ નં. ૯૪ જે સેલ ફોર રેસીડન્સીયલના હેતુ માટે રીઝર્વેશન હેઠળ છે તેમાં કુલ – ૧૦ ઝુંપડાનું થયેલ દબાણ દુર કરવામાં આવેલ.

ઉપરોકત બાંધકામ ઈસ્ટ ઝોનના દબાણ ખાતાના સ્ટાફ તેમજ જે.સી.બી. મશીનની મદદથી પાર પાડવામાં આવેલ છે.

(૨) **ટી.પી. સ્કીમ નં. ૩(કરંજ), ફા. પ્લોટ નં. ૧૦૮ (ઓપન સ્પેશ) રીઝર્વેશન પ્લોટનો કબ્જો લેવા બાબત**

સુરત મહાનગરાલિકાના પૂર્વ ઝોન (વરાછા) માં સંતોષીનગર થી બુટભવાની તરફ જવાના ૧૫૦ ના ટી.પી. રસ્તા તથા લંબે હનુમાન મેઈન રોડના જંકશન ઉપર આવેલ ગાયત્રીનગર સોસાયટીના સ્કીમ નં. ૩ (કરંજ), ફા. પ્લોટ નં. ૧૦૮માં વર્ષોથી અનધિકૃત રીતે ઘુસી જઈ ગેરકાયદેસર કબજો જમાવી ભાડુ ઉઘરાવતા કેટલાક અસામાજીક તત્વોના કબજામાંથી અંદાજે ૭૦૦૦ ચો.ફૂટ જેટલો કબજો દુર કરી સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોનના શહેર વિકાસના સ્ટાફે સ્થળ ઉપરના ગ્રાઉન્ડ ફલોરના આર.સી.સી. બાંધકામ સહિતના ૧૦ જેટલા પ્લોટો પર પોતાનો કબજો પ્રસ્થાપિત કરેલ છે. જેથી કરંજ વિસ્તારના આવાજ બીજા સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન પ્લોટો પર ગેરકાયદેસર રીતે કબ્જો જમાવી બેઠેલા અસામાજીક તત્વોમાં સોપોં પડી જવા પામ્યો.

(૩) **પૂર્વ ઝોન(વરાછા)માં પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલી અને માવાના કાગળો રાખવા તેમજ જાહેર ન્યુસન્સ બાબત**

સુરત મહાનગરપાલિકાના પૂર્વ ઝોન (વરાછા) ખાતે મે. કમિશનરશ્રીની સુચના વરાછા ઝોન ખાતે તેમજ નવા સમાવિષ્ટ વિસ્તાર પુણા સિમાડામાં પાન માવાના દુકાન ધારકો –ગલ્લાઓના માલિકો સામે લીટરીંગ તેમજ પાન માવાના કાગળો રાખવા બાબત તા. ૦૬/૦૮/૨૦૦૮ ના રોજ વરાછા ઝોન ખાતે અભિયાન કરવામાં લીટરીંગ કરતા ૨૯૩ પાન માવાના દુકાન ધારકો તેમજ ગલ્લાવાળા પાસે કુલ રૂા. ૬૧,૨૫૦.૦૦ (અંકે રૂા. એકસઠ હજાર બસ્સો પચાસ) વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. તેમજ પાન માવાના પ્લાસ્ટિક ૨૦.૫ કિ. ગ્રા. જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા દેશ ભકિત ગીત સ્પર્ધા



ભારતના રાષ્ટ્રીય પર્વ સ્વાતંત્ર્યદિનની ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા દેશભકિતગીત સ્પર્ધા તા.૧૨.૦૮.૨૦૦૮ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), સુરત ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં માધ્યમિક વિભાગ તથા ખુલ્લો વિભાગ મળી ૨૮ જેટલી શાળાઓ અને સંસ્થાઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે.

| વિજેતા | માધ્યમિક વિભાગ | ખુલ્લો વિભાગ |
|---|---|---|
| **પ્રથમ** | બાઈ પી.મા.પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ | સપ્તધ્વનિ કલાવૃંદ |
| **દ્વિતીય** | શ્રીમતી ક.લ.શ.ખાંડવાલા સાર્વ. હાઈસ્કૂલ ફોર ગર્લ્સ | પી.પી.સવાણી વિદ્યાભવન |
| **તૃતીય** | પી.પી.સવાણી વિદ્યાભવન | શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન |
| **આશ્વાસન** | શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન | — |
| | અંબાબા હરિપુરા ગર્લ્સ ઈંગ્લીશ સ્કૂલ | |

આ સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના સભ્યશ્રીઓ, મ્યુ. અધિકારીશ્રીઓ તથા અન્ય મહાનુભાવોના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેતા તમામ સ્પર્ધકોને લ્હાણી તથા પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. દેશભકિતગીત સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી યશોદાબેન સોની, શ્રીમતી પ્રજ્ઞાબેન વૈદ્ય તથા શ્રી રસેશકુમાર ગાંધીએ સેવા આપી હતી.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા આરોગ્ય નિદાન કેમ્પ




ચોમાસા દરમ્યાન ભારે વરસાદના કારણે જાહેર આરોગ્યને વિપરીત અસર ન થાય, જાહેર આરોગ્ય જળવાઈ રહે અને રોગચાળો ફાટી ન નીકળે તે માટે ગરીબ / સ્લમ વિસ્તારોમાં સમગ્ર ઋતુ દરમ્યાન પ્રતિ સપ્તાહ સુરત મહાનગરપાલિકા દ્વારા આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ આજ તાઃ૦૯/૦૮/૨૦૦૮ ના રોજ કરંજ શહેરી આરોગ્યકેન્દ્ર, સુરત ખાતે સવારે ૦૯—૩૦ કલાક થી બપોરે ૨:૦૦ કલાક દરમ્યાન આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે મા.મેયરશ્રી રણજીત ગીલીટવાળા, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, આરોગ્ય સમિતીના અધ્યક્ષશ્રી જયપ્રકાશ શાહ, રૂગ્ણાલયો, વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ અધ્યક્ષશ્રી પિયુષભાઈ શિવશકિતવાળા, પાણી સમિતીના અધ્યક્ષશ્રી અરવિંદભાઈ ગોયાણી, વરાછાઝોનના મ્યુ.સદસ્યશ્રીઓ, મ્યુ.કમિશનરશ્રી કુ.એસ.અપર્ણા, ડે.કમિશ્નરશ્રી (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.આઈ.સી.પટેલ, આરોગ્ય અધિકારીશ્રી ડો.હેમંત દેસાઈ, વરાછાઝોનના ઝોનલ ચીફશ્રીજે.કે.શાહ / કાર્યપાલક ઈજનેરશ્રી જે.એમ.જરીવાળા, મેડીકલ ઓફીસરશ્રી વર્ગ — ૧ ડો.અરૂણાબેન પટેલ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.કે.એ.શ્રોફ / ડો.વી.વી.પરમાર, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, કરંજ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ)એ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ તથા પ્રાસંગીક પ્રવચનમાં વિના મૂલ્યે નિદાન / સારવાર / પ્રદર્શન કેમ્પનો નાગરીકો બહોળા પ્રમાણમાં લાભ લે તથા આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી પાણી જન્ય / પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની સમજ મેળવી તેનો અમલ કરેતો રોગચાળાનું પ્રમાણ ઘટાડી શકાશે તેમ જણાવ્યુ હતુ.

સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રીમુકેશભાઈ દલાલે પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકા વિકાસના કામોની સાથે સાથે આરોગ્ય લક્ષી બાબતો અંગે પણ ખુબજ જાગૃત છે. નાગરીકોને પોતાના ઘર આંગણે આરોગ્ય લક્ષી સુવિધાઓ વિના મૂલ્યે મળી રહે તે માટે આવા કેમ્પોનુ આયોજન કરવામાં આવેલ છે જેનો શહેરના નાગરીકોને લાભ લેવા તથા નિરોગી રહે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.

**Continue ...**

મા.મેયરશ્રી રણજીત ગીલીટવાળાએ પ્રાસંગિક પ્રવચનમાં શહેરના ગરીબ નાગરિકોની તંદુરસ્તી જળવાય તે હેતુસર વિના મૂલ્યે મેડીકલ કેમ્પોનું આયોજન કરવા બદલ મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી નાગરીકોને સ્વચ્છતા પરત્વે વધુ સજાગ થવા અનુરોધ કર્યો હતો. સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ શહેરી આરોગ્ય કેન્દ્રો, તમામ હોસ્પીટલોમાં અત્યંત આધુનિક સાધનો / દવાઓ / નિષ્ણાંત તબીબો થી સુસજજ છે જેથી શહેરી નાગરીકોને ઉચ્ચકક્ષાની સારવાર મળી રહે છે. આ વર્ષ આપણે '' નિરોગી બાળ વર્ષ – ૨૦૦૮ '' તરીકે ઉજવવાનું નકકી કરેલ છે. જે અંતર્ગત પાંચ વર્ષ સુધીના બાળકો તથા માતાઓને વર્ષ દરમ્યાન મહાનગરપાલિકાના તમામ શહેરી આરોગ્ય કેન્દ્રોમાં વિના મૂલ્યે સારવાર આપવામાં આવશે જેનો લાભ લેવા જણાવ્યુ હતું.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર તથા આસપાસ વિસ્તારના ૫૪૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૨૭,ચામડીના નિષ્ણાત દ્વારા ૧૧૦, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૨૫, બાળરોગ નિષ્ણાત દ્વારા ૯૨, ફિઝીશ્યન દ્વારા ૧૦૮ અને સર્જન દ્વારા ૨૨ તથા મેડીકલ પ્રેકટીશનર્સ દ્વારા ૫૫ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા ૧૨ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામા આવ્યા હતા.૧૧૧ ઓ.આર.એસ. પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૧૩૧ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ, નવી સીવીલ હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે પાણી જન્ય,પાણી સંલગ્ન, એઈડઝ, ટી.બી., મેલેરીયા વિ.રોગ વિષેના પોષ્ટરો, બોર્ડ ડીસ્પલે કરી રોગો અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા પોતાના વિભાગ વિષે જાણકારી આપી ૧૦,૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.વાહકજનિક રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વિવિધ મચ્છરોની લાઈફ સાયકલનું લાઈવ ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૫૭૭ ઓરલ પીલ્સ ૧૫ પેકેટ વિતરણ કરી કોપર–ટી મુકાવવા બાબતે સમજણ આપવામાં આવી હતી તથા ૧,૦૦૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૧૩૯ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૨,૨૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ ઉપરાંત વિવિધ ઝોનમાં શહેરી આરોગ્ય કેન્દ્રો દ્વારા આંગણવાડી નં.૮૫ ની આસપાસનો વિસ્તાર, બાપુનગર, ઉમરવાડા, ચીમની ટેકરાની આસપાસના વિસ્તારમાં કરવામાં આવેલ કેમ્પોમાં ૩૬૧ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર ડે.કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. આઈ.સી.પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારી ડો. હેમંત દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધઃ–** આગામી વિના મુલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ ૧૫/૦૮/૦૮ના રોજ મ્યુનિ. શાળા ક્રમાંક – ૬૦, મોતી સિનેમા સામે, બેગમપુરા, ખાતે રાખવામાં આવેલ છે.જેનો સુરત શહેરના તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

**TOP**

## સુરત મહાનગરપાલિકાની પાણીના નીકાલ અંગે વિવિધ ઝોનની કામગીરી

શહેરમાંથી પસાર થતી ખાડીના ઉપરવાસ પૈકીના બારડોલી–પલસાણામાં વધુ વરસાદના કારણે કાકરાખાડી તથા મીઠી ખાડીના લેવલમાં વધારો થતા લિંબાયત તથા ઉધના ઝોનના તંત્રને એલર્ટ કરી દેવામાં આવેલ. લિંબાયત ખાતે ખાડીનું ભયજનક લેવલ ૭.૫૦ મીટર છે. જયારે ખાડીનું લેવલ ૭.૨૦ મીટર સવારે ૧૦ કલાકે થયેલ હતું અને કમરૂનગર ઝુંપડપટ્ટીમાં ખાડી કિનારાની એક ગલીમાં પાણીની અસર ચાલુ થતા તંત્ર ત્યાં પહોંચી ગયું હતું. મ્યુનિ.કમિશનરશ્રીએ પણ જાતે સ્થળ મુલાકાત લીધી હતી અને ડે.કમિશનરશ્રી, ઝોનલ ઓફિસરશ્રી તથા ફાયરના હાજર સ્ટાફને જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ હતી, પરંતુ ત્યારબાદ ખાડીમાં પાણીનું લેવલ ઘટતાં શીફટીંગની પરિસ્થિતિ ઉભી થયેલ ન હતી. આજરોજ સાંજે ૬–૦૦ કલાકે લિંબાયત ખાતે ખાડીનું લેવલ ૬.૯૦ મીટર હતું. કાંકરા ખાડીનું જીવનજયોત પાસેનું લેવલ ૫.૯૦ મીટર હતું.

વધુમાં આજરોજ સુરત શહેરમાં સવારે એક કલાકમાં અંદાજે ૨ થી ૨.૫ ઈંચ જેટલો ભારે વરસાદ થવાથી ઘણા સ્થળોએ તથા રોડ પર પાણીનો ભરાવો થયો હતો. આ પાણીનો ભરાવો અંદાજે ૧ થી ૧.૫ કલાકમાં નિકાલ થયો હતો. આજરોજ સાંજના ૬–૦૦ વાગ્યા સુધીમાં સુરત શહેરમાં કુલ ૭૩ મી.મી. વરસાદ નોંધાયો હતો તથા મોસમનો કુલ વરસાદ સાંજના ૪–૦૦ કલાક સુધીમાં ૧૧૫૪.૭૦ મી.મી. થયેલ છે. ભારે વરસાદને કારણે તમામ ઝોનનું તંત્ર સવારથી એલર્ટ થઈ વરસાદના પાણીના ભરાવા નિકાલની કામગીરી શરૂ કરેલ હતી.

લિંબાયત ઝોનમાં કુલ –૭ જુદી જુદી જગ્યાએ અંદાજે ૬ ઈંચ થી ૧ ફુટ જેટલો પાણીનો ભરાવો થયો હતો જે અંદાજે એક કલાકમાં નિકાલ થયેલ હતો. કોઈપણ રસ્તા ઉપરથી ટ્રાફીકની અવર–જવર બંધ થયેલ નથી. એક માત્ર નિલગીરીથી જય સંતોષી નગરવાળા રસ્તા ઉપર અંદાજે ૬ ઈંચ જેટલું પાણી ભરાયેલ હતું જેનો નિકાલ થતા અંદાજે ૩ કલાકનો સમય થયો હતો.

રાંદેર ઝોનમાં કુલ જુદી જુદી ૩૬ જગ્યાએ ૬ ઈંચ થી ૧. ૬ ' જેટલો પાણીનો ભરાવો રસ્તા પર થયો હતો. અડાજણ– રંગીલા સર્કલ ઉપર રોડની બાજુમાં અંદાજે ૧' જેટલું પાણી હતું પરંતુ ટ્રાફીક ચાલુ રહેલ છે. સમગ્ર રાંદેર ઝોનમાં અંદાજે અડધા થી પોણા કલાકમાં વરસાદી પાણીનો નિકાલ થયો હતો.

વરાછા ઝોનમાં કુલ ૯ જુદા જુદા સ્થળોએ પાણી ભરાવો જણાયો હતો. અંદાજે ૧ થી ૧.૬'' જેટલું પાણી પાણી ભરાયું હતું. જેનો એક કલાકમાં નિકાલ થયેલ હતો. સરથાણા વજભૂમિ પાસે વૃંદાવન સોસાયટીમાં અંદાજે ૧' પાણીનો ભરાવો થયો હતો. જેનો નિકાલ થતા અંદાજે ૩ થી ૪ કલાકનો સમય થયો હતો.

અઠવા ઝોનમાં કુલ ૨૫ સ્થળોએ પાણીનો ભરાવો જણાયો હતો. અંદાજે ૩'' થી ૧' જેટલો પાણીનો ભરાવો હતો. જેનો નિકાલ દોઢ કલાકમાં થયો હતો. અઠવા ઝોનમાં સીટી લાઈટ રોડ ઉપરની મહાત્મા ગાંધી સોસાયટીમાં તથા વેસુ – પ્રગતિનગરમાં ૧' જેટલું પાણી ભરાયેલ જેનો નિકાલ ૩ થી ૪ કલાકમાં થયો હતો.

કતારગામ ઝોનમાં કુલ ૫ સ્થળોએ પાણીનો ભરાવો થયેલ હતો. અંદાજે ૪'' થી ૧૨'' જેટલો પાણીનો ભરાવો થયેલ જેનો નિકાલ ૧ થી ૧.૫ કલાકમાં થયેલ હતો.

ઉધના ઝોનમાં કુલ ૨૯ જગ્યાએ પાણીનો ૬ '' થી ૧.૫' જેટલો પાણીનો ભરાવો થયેલ. જેનો નિકાલ ૧ કલાકમાં થયેલ હતો. ઉધના ઝોનમાં ચોસઠ જોગણી માતાના મંદિર પાસે તથા મનહર ડાઈંગ પાસે ૧' થી ૧.૫' પાણીનો ભરાવો થયેલ. જેનો નિકાલ થતા ૨ થી ૩ કલાકનો સમય લાગ્યો હતો.

સેન્ટ્રલ ઝોનમાં કુલ ૩૬ સ્થળોએ ૬'' થી ૨' જેટલો પાણીનો ભરાવો થયો હતો. જેનો નિકાલ દોઢ કલાકમાં થયેલ.

આજરોજ સાંજે ૬–૦૦ કલાકે ઉકાઈ ડેમનું લેવલ ૩૧૧.૨૫ ફુટ છે. જયારે કાંકરાપારનું લેવલ ૧૬૧.૭૦ ફુટ છે. અને ઉકાઈ ડેમમાં ઈનફલો ૧.૪૩,૭૩૧ કયુસેકસનું છે. સીંગણપોર કોઝ–વે ઉપર પાણીનું લેવલ ૭.૪૫ મીટર છે.

TOP